**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૨ મા.**
**ક્રિ. કે. નં. ૭૧૬૬૨/૧૭**
**આંક ૧ અન્વયે હુકમ.**

(૧) ફરીયાદીને સાંભળ્યા, પુરસીસ તથા કેસનું રેકર્ડ ધ્યાને લેતાં જણાઈ આવે છે કે આ કામે સમન્સ/નોટિસ પક્ષકારોને કાઢતાં ફરીયાદી/ભોગ બનનાર ની પુરસીસથી જાહેર કરેલ છે કે, આ કેસ આગળ ચલાવવા માગતા નથી કે કોઈ પુરાવો આપવા માગતા નથી. તેઓ આરોપી વિરુધ્ધનો ગુનો દરગુજર ( કમ્પાઉન્ડ ) કરે છે અને સદર કેસ આગળ ચલાવવા માગતા નથી. ફરીયાદી/ભોગ બનનારને તેઓએ આપેલ પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વેચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

(૨) ઉપરોકત બાબતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે આરોપીને કેસનો સમન્સ બજેલ ન હોઈ, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ ન હોય અને ફરીયાદી/ભોગ બનનારે આપેલ પુરસીસમા આરોપીની સહી ન હોય તો પણ આ અદાલત આરોપી વિરુધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમા કમ્પાઉન્ડ કરી શકે કે કેમ ? અદાલતના ધ્યાન ઉપર નીચેની ઓથોરીટી આવેલ છે.

૧. *વાય. પી. બૈજુ વિ. સ્ટેટ ઓફ કેરાલા.૨૦૦૮ ક્રિ. લો. જ. પાન નં. ૯૨૮.*

૨. *યેસુદાસ એન્ડ અધર્સ વિ. પી.એસ.આઈ. કલ્લામેસરી એન્ડ અધર્સ. ૨૦૦૮ ક્રિ. લો. જ. પાન નં. ૧૨૯૦.*

(૩) ઉપરોકત ચુકાદામા નામદાર કેરાલા હાઈકોર્ટે નીચે મુજબ હેલ્ડ કરેલ છે.

એ. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦ મા કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે, ધ્વીપક્ષીય ક્રિયા નથી.

બી. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦(૧) અને ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નં. ૩ મા જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.

સી. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગબનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહીં.

ડી. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતાં અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

ઈ. ક્રિ. પ્રો. કોડ કલમ ૩૨૦ મા ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા અદાલત ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૪) આમ ઉપરોકત ચુકાદાઓમા ઠરાવેલા સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦ મુજબ ગુનો દરગુજર માફ ( કમ્પાઉન્ડ ) કરવા માટેની માફ કરવાની પુરસીસમા આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની અદાલત સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી. જો કે હાલના કેસમા ફરીયાદીએ આંક ૩

થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે જેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. ફરીયાદની હકીકત ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફેંસલ કરવામા આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપીને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રાખવામા આવશે તે રીતે ફરજ પાડવામા આવે તો પણ કેસના પરિણામમા કોઈ ફરક પડશે નહીં. ફરીયાદી/ ભોગબનનારે સ્વૈચ્છિક રીતે કમ્પાઉન્ડ માટેની અરજી આપેલ હોઈ આરોપી હાજર નથી તે જ કારણોસર ફરીયાદી/ ભોગબનનારની પુરસીસ ગ્રાહય ન રાખવાથી અર્થહીન કાર્યવાહી થશે અને ફરીયાદી/ભોગબનનારને અદાલતમા ફરી આવવાનું થશે તેમજ સરકારી નાણાંનો વ્યય થશે.

(૫) આમ ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાનમા લઈ ફરીયાદી/ભોગબનનારની પુરસીસ રેકર્ડ કરવામા આવે છે અને ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**– : હુ ક મ : –**

૧. આરોપીઓને ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦(૧)(૨)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ઈ. પી. કો. કલમ ૩૭૯, ના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. આ કામે કબજે કરેલ મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ શરતો રદ કરી કાયમ કરવામા આવે છે / ફરીયાદીને માલીકી હકકની ખાત્રી કરી અપીલ સમય બાદ પરત કરવા હુકમ કરવામા આવે છે.

૩. આરોપીના જામીન અપીલ સમય વિત્યેથી રદ્દ ગણવા.

હુકમ આજ તા. ૧૫ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૫/૨/૨૦૧૮.

( એમ. આર. શુકલા. )
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ.
GJ00681.